# પત્રક ભાગ – ૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા.૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૪

### ૧૨૫. ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશન

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક સોમવાર, તા. ૨૬ મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ દસ મિનિટે વિધાનસભા મકાનના ચોથા માળે આવેલા શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવી છે. આ સભામાં નીચે દર્શાવેલું કામકાજ હાથ ધરવામાં આવશે.

કાર્યસૂચિ (એજન્ડા)

૧ સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ મળેલી ગુ.પા.એ.ની ખાસ સામાન્ય સભાની કાર્યનોંધને મંજૂરી આપવી. ( કાર્યનોંધની નકલ આ સાથે જોડેલી છે.)

૨. ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની કારોબારી સમિતિએ જોઇને મંજૂર રાખેલા સન ૨૦૨૩ના વર્ષમાં એસોસીએશને કરેલી પ્રવૃત્તિઓના અહેવાલને મંજૂરી આપવી. (અહેવાલની નકલ આ સાથે જોડી છે.)

૩. ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની કારોબારી સમિતિએ જોઇને મંજૂર રાખેલા સન ૨૦૨૩ના વર્ષની આવક-જાવકના ઑડિટ થયેલા હિસાબોને મંજૂરી આપવી. ( હિસાબોના પત્રકની નકલ આ સાથે જોડી છે.)

૪. સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટે ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની કારોબારી સમિતિ પર સાતથી ઓછા નહિં અને અગિયારથી વધુ નહિં તેટલી સંખ્યામાં સભ્યોની નિયુક્તિ કરવી.

૫. સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટે એસોસીએશનના બે માનદ ઑડિટરોની નિમણૂક કરવી.

૬. પ્રમુખશ્રી સૂચવે અથવા તેઓશ્રીની અનુમતિથી રજૂ થાય તેવું કોઇપણ કામકાજ.

આ સભામાં હાજર રહેવા સર્વે માન. સભ્યશ્રીઓને વિનંતી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા